જન્મદિને વધામણી

જયેશ પંચોલી
પ્રોડક્શન મેનેજર
ગાંધીનગર સમાચાર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯

મહેન્દ્રકુમાર જે પંચોલી
મો. ૯૯૯૮૦ ૪૦૧૦૧

હસમુખલાલ એમ પટેલ

મુકુન્દ ચંદુલાલ ભટ્ટ
મો. ૯૯૯૮૨ ૭૯૦૭૯

તારાબેન
પરસોત્તમભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૮૭૧૩૪

પ્રફુલ્લા કુશાન લેઉવા
સિનિયર મેનેજર
પંજાબ નેશનલ બેન્ક

સંકેત સતીશકુમાર ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૬૨

જય મહેન્દ્રકુમાર મહેતા
રાયફલ શૂટર, કોચ, જજ
મો. ૮૪૬૦૪ ૪૩૬૩૦

સિદ્ધરાજ નટવરજી ઠાકોર

પ્રેમ યમરાજ પંડ્યા
મો. ૯૪૦૮૨ ૧૮૩૮૯

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરનું ગૌરવ

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડાની ટીમ જિલ્લાકક્ષાની અન્ડર૨-૧૯ લંગડી સ્પર્ધામાં રનર્સ અપ થઈ છે. આ ટીમ પૈકી ૪ વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે. આ ટીમને શાળાના કોચ યોગેશભાઈએ તાલીમ આપી હતી.

આ ઉપરાંત જિલ્લાકક્ષાની અન્ડર૨-૧૯ રોલબૉલ સ્કેટિંગ સ્પર્ધામાં પણ સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડાની ટીમ રનર્સઅપ થઈ છે અને આ ટીમના ૮ ખેલાડીઓની પસંદી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે. આ સફળ ટીમને કોચ વસીમભાઈ મનસુરી અને જિજ્ઞેશભાઈએ તાલીમ આપી હતી.

ત્રણેય કોચ અને બંને વિજેતા ટીમને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

બીસીએ અને પીજીડીસીએ કૉલેજના વિદ્યાર્થીઓ માટે

અસરકારક અભિવ્યક્તિ વિષયે વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વર્શ્વ વર્ધાલય સંચાલલત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર-પના વિદ્યાર્થીઓ માટે આજરોજ કોલેજમાં ખૂબ જ સક્રિય રીતે કાર્ય કરતાં પ્લેસમેંટ સેલ અને ઈન્ડસ્ત્રી-ઈન્સ્ટીટયુટ સેલ દ્વારા **"Effective Resume Writing and Presentation Skill"** વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશૉપ વિશે માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહે જણાવયુ હતું કે ગાંધીનગરમાં જયારે ગીફ્ટસીટીનો પ્રોજેક્ટ તેના છેલ્લા ચરણમાં હતો ત્યારે નિષ્ણાતોએ કરેલા એક સર્વેમાં જાણવા મળ્યું હતું કે ગુજરાતમાંથી સ્નાતક થઈ નોકરીમાં જોડાવા ઇચ્છુક ઉમેદવારો પૈકી માત્ર ૧૩% લોકો જ નોકરી માટે યોગ્ય લાયકાત ધરાવે છે. આટલા ઓછા ઉમેદવાર લાયકાત ધરાવતા હોવાનું મુખ્ય કારણ ટેકનીકલ સ્કીલ કરતાં સોફ્ટસ્કીલની ઉણપ જણાઈ હતી. જેથી આ કોલેજે બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ.માં અભ્યાસ કરતાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને ટેકનીકલ સ્કીલ સાથે સોફ્ટસ્કીલનું પણ જરૂરી જ્ઞાન મળે અને ઈન્ડસ્ટ્રીમાં જઈને આત્મવિશ્વાસ સાથે પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બને તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ અંતર્ગત વિષય તજજ્ઞ તરીકે ટાઇમ એજયુકેશન પ્રા. લિ.ના સંજય કુમાર અને સંજય સક્સેનાએ સેવાઓ આપી હતી. સમગ્ર વર્કશોપનું આયોજન પ્લેસમેંટ સેલના સંયોજક ડો. રિચા મહેતા, પ્રો. પ્રિયંકા શાહ અને પ્રો. જિજ્ઞેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર-પના ૨૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ફેશન ડિઝાઈનર કરિશ્મા સહાની અને ઈન્ટિરીયર ડિઝાઈનર વસીમખાન ગાંધીનગરના મહેમાન બનશે

ગાંધીનગર, તા.૨૦

પ્રખ્યાત ફેશન ડિઝાઈનર કરિશ્મા શહાની અને અગ્રણી ઈન્ટિરિયર ડિઝાઈનર વસીમ ખાન આઈ-એનઆઈએફડી ગાંધીનગર ખાતે તારીખ ૨૨, ૨૩, ૨૪ જુલાઈ ૨૦૧૬ દરમિયાન સંસ્થાના ફેશન તથા ઈન્ટિરિયર ડિઝાઇનર્સ ડિઝાઈન ક્ષેત્રના અગત્યના વિવિધ પાસાઓ અને જુદી જુદી પદ્ધતિઓ/ટેકનિક્સ બાબતે ત્રણ દિવસના આ વર્કશોપમાં માર્ગદર્શન આપશે.

ઈન્ટિરિયર ડિઝાઈનર વસીમ ખાન તેમની પોતાની લેમન ડિઝાઈન બ્રાન્ડ ધરાવે છે. તેઓ એનઆઈડી અમદાવાદમાંથી ડિઝાઇન ક્ષેત્રે ગ્રેજ્યુએટ થયેલા છે તથા એવૉર્ડ વિનિંગ બ્રાન્ડ "લેમન ડિઝાઈન"ના ડાયરેક્ટર અને કન્સલ્ટન્ટ છે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આવેલા અને ગાંધીજીના જીવન સાથે સંકળાયેલ "દાંડી કુટિર" મ્યુઝીયમ કે જેનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ કરેલ છે. જે બનાવવામાં વસીમ ખાનનો અમૂલ્ય ફાળો રહેલ છે તથા અમદાવાદ સીટી મ્યુઝીયમ માં પણ તેમનો સહયોગ મળેલ છે. વસીમ ખાન ઈન્ટિરિયર ડિઝાઈનના સ્ટુડન્ટ્સને ઈન્ટિરિયર ડિઝાઈનના મૂળભૂત સિધ્ધાંતો તથા લોકોને તેમની ઉપલબ્ધ જગ્યા પ્રમાણે કઈ રીતે સારામાં સારી ડિઝાઈન ઉપલબ્ધ કરી શકાય એ અંગેના પ્લાનિંગ અને ઉપાયો અંગે માર્ગદર્શન આપે છે. તેઓ દુનિયાના અલગ અલગ દેશોની વિવિધ સંસ્થાઓમાં તેમના વર્કશોપ અને લેક્ચર્સ આપે છે. જેમાં સિમ્બાઓસીસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (SID). NITF, સ્કૂલ ઓફ ફેશન ટેકનોલોજી (SOFT), ફિલ્મ ડાન્સમાં તેમના આર્ટ ડીરેક્શ માટે જુદા જુદા ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ જેવા કે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, ઓસિઅન સિનેફેન ફિલ્મ ફેસ્ટિવલ, પામ સ્પ્રિંગ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, વગેરે માં નોમિનેશન મળેલ હતું. મુંબઈનું છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટના ડિઝાઈન વર્ક માં તેમનો મોટો ફાળો રહેલ છે.

ફેશન ડિઝાઈનર કરિશ્મા સહાની ફેશન ડિઝાઈનના સ્ટુડન્ટ્સ ને ઉપલબ્ધ ટેક્સટાઈલ્સ મટીરીયલ્સમાંથી વેસ્ટ ડિઝાઇન ક્રાફ્ટ્સ, હેન્ડી ક્રાફ્ટ્સ, હેન્ડ મેઈડ ડાઈન્સ જેવી આઈટમો માંથી ટ્રેડિશનલ ડિઝાઈન્સ કઈ રીતે તૈયાર કરી શકાય તે અંગે માર્ગદર્શન આપે છે.

કરિશ્મા સહાનીએ લંડન સ્કૂલ ઓફ ફેશન માંથી ગ્રેજ્યુએશન કરેલ છે. તથા ઘણા પ્રખ્યાત એવોર્ડ્સ પણ મેળવેલ છે. દેશના સૌથી મોટા ફેશન શો "લેકમે ફેશન વિક"ની ઘણી સીઝન્સમાં આઈ એન આઈ એફ ડી સ્ટુડન્ટ્સ દ્વારા તૈયાર કરેલ વિવિધ ડિઝાઇન કલેક્શ રજૂ કરેલ છે. તેઓ ફેશન વર્લ્ડ માં તેમની પ્રખ્યાત બ્રાન્ડ **[Ka]-[Sha]** થી જાણીતા છે. તેઓ તેમની ઉચ્ચ ગુણવત્તા, ભારતીય અને વેસ્ટર્ન સંસ્કૃતિ ને અનુરૂપ મટીરીયલ વેસ્ટ ના જાય તે પ્રકારની વિવિધ ટેકનીકનો ઉપયોગ કરી અદ્યતન ડિઝાઈન્સ તૈયાર કરે છે તથા દેશના કાપડ ઉત્પાદકથી માંડી ટેઈલર્સ સુધી ના તમામ વર્કસને પ્રમોટ કરવામાં તેમનું મોટું યોગદાન છે.

તારીખ ૨૨, ૨૩, ૨૪ જુલાઈ ૨૦૧૬ ના ત્રણ દિવસના **INIFD** ગાંધીનગરના વર્કશોપમાં ફેશન તથા ઈન્ટિરિયર ડિઝાઈન્સ ના એક્સપર્ટસ ને મળવાનો અને તેમની સાથે વાર્તાલાપ કરી સ્ટુડન્ટ્સને તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની તક મળી શકશે.

ગાંધીનગર ની એસ.જી પ્રાથમિક શાળામાં તા-૧૮-૭-૧૬ થી તા-૨૨-૭-૧૬ દરમ્યાન બાળકો માટે યોગ ,પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં શાળાના દરેક ધોરણના વિદ્યાર્થીઓને વિશેષ યોગનું જ્ઞાન આપી યોગ કરાવાયા હતા. યોગ તજજ્ઞ યોગા થેરાપિસ્ટ નિરજા સોનકિયા દ્વારા પ્રાણાયામ અને યોગના વિવિધ આસનો પણ કરાવવામાં આવ્યા હતા. આ દરમ્યાન ધો-૬ ના વિદ્યાર્થીઓને યોગ યુનિવર્સિટિની મુલાકાતે લઈ જઈ યોગ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તેમજ તા-૨૦-૭-૨૦૧૬ અને તા-૨૨-૭-૨૦૧૬ના રોજ ગુરુપૂર્ણિમા નિમિતે નાટક, નૃત્ય તેમજ ગુરુવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ શિક્ષકોને પુષ્પ આપી કુમકુમ તિલક કરી ગુરુ વંદન કાર્યક્રમ સંપ્પન કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં શાળાનાં બાળકો અને શિક્ષકગણ શિસ્ત અને સહકાર સાથે જોડાયા હતાં.

સે. ૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે પ્લાસ્ટિક મુક્ત ભારત વિષયે સેમિનાર

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં તા.૨૦ અને ૨૧ જુલાઈ,૨૦૧૬ ના રોજ પ્લાસ્ટિક મુક્ત શહેર - ભારત અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પર્યાવરણ તજજ્ઞ નરેશભાઈ ઠાકરે ધોરણ ૧થી ૯ના વિદ્યાર્થીઓને વેસ્ટ પ્લાસ્ટિકનો પુનઃઉપયોગ કેવી રીતે કરવો તથા પ્લાસ્ટિકનો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરવો તેનું માર્ગદર્શન આપ્યું.

આ સેમિનારનું આયોજન આચાર્ય સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું.

ઉમા આર્ટ્સ-નાથીબા કૉમર્સ કૉલેજમાં ગુરુવંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગુરુપૂર્ણિમાના પર્વ નિમિતે ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગરમાં ગુરુવંદનાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત સરસ્વતી, વેદવ્યાસ, ગુરુદતાત્રેય, આદિશંકરાચાર્યના પૂજન અને દીપપ્રાગટ્ય બાદ સ્ટાફ સભ્યોનું કંકુતિલક તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ, ગુરુ માહાત્મય પર વિદ્યાર્થીનીઓએ વક્તવ્યો રજૂ કર્યા તેમજ ગુરુમહિમા રજૂ કરતી સ્તુતિ, દોહા તેમજ શ્લોકોનું ગાન કર્યું. પ્રા. જયમલભાઈ રંગીયાએ ગુરુ માહાત્મય પર પોતાના વક્તવ્યમાં આદર્શ ગુરુનાં લક્ષણો ભગવાન શ્રીકૃષ્ણના દ્રષ્ટાંત દ્વારા સમજાવ્યાં.

સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. યોગીનીબહેન વ્યાસે 'શક્તિ-તત્વ'નું મહત્વ ઋગ્વેદ અંતર્ગત વાગામ્ભણીય સૂક્ત દ્વારા રજુ કર્યું તેમજ વિશ્વની વિભૂતિ નારીઓના ઉદાહરણો આપી નારીશક્તિને આલેખી.કોલેજ ના ઉપ-આચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરાએ ગુરુના પાંચ પ્રકારો જણાવી ગુરુ માહાત્મય પ્રતિપાદિત કર્યું. કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલે આશીર્વચન પાઠવી પ્રાચીન કાળમાં અને વર્તમાન સમયમાં ગુરુશિષ્ય પરંપરાના બદલાતા સ્વરૂપને સમજાવી તેની પ્રાસંગિકતાને રજૂ કરી. ત્યારબાદ વર્તમાન સમયમાં શિક્ષણ અને ગુરુની મહત્તા અભિનય દ્વારા દર્શાવવામાં આવી. કાર્યક્રમના અંતે કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રો.પાયલબેન પંડ્યાએ આભારવિધિ કરી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. રૂપા ચાવડા તથા જયરામભાઈ પટેલે અત્યંત જહેમત ઉઠાવી.

શિક્ષણક્ષેત્રને પ્રયોગો કરી કમાણીનું સાધન કર્યું

ભણતર વિના ભાન આવે નહીં, કેળવણી વિના જ્ઞાન આવે નહીં અને સહાનુભૂતિ વિના સૌહાર્દ જન્મે નહીં આવું માનવામાં આવે છે. જીવતર તો જન્મથી શરૂ થઈ જતું હોય છે પરંતુ કેટલું શિક્ષણ પ્રાપ્ત થશે એ વિશે કોઈ કદી જાણતું હોતું નથી.

અગાઉનાં વર્ષોમાં જ્યોતિષ જોવાવાળા એવું કહેતાં કે આ બાળકને વિદ્યા ખૂબ ભાગ્યમાં લખી છે, આમને રાજયોગ કે હંસયોગ કે એવો કોઈ યોગ પણછે. સમાજને વાસ્તવમાં એવું જ સાંભળવું ગમતું હોય છે જેવું તેમણે વિચારીને ઝંખના કરી હોય એટલે સૌ કોઈ આશાસ્પદ આકાંક્ષાઓનો ધંધો કરી લેતા અને આજે પણ એ ક્રમ ચાલે છે. બંગડીઓ-ચૂડી વેચનારા પણ વાસ્તવમાં સંવેદનાઓને, ઊર્મિઓને, સ્વપ્નાંને વેચીને કમાણી કરતા હોય છે. વિશ્વમાં બધી જ ઘટનાઓ સ્વાર્થના પાયા ઉપર અને સ્વપ્નોની દીવાલો પર ચણાતી ઈમારતો જેવી હોય છે. જે માનવી મન વાંચી શકે તે ઈશ્વરના દૂતજેવો બની જાય છે. ભણવું એ દરેક વ્યક્તિની જરૂરિયાત છે અને એ જ ચીજ પૂરા વિશ્વની ઈન્સાનિયતની ગુણવત્તાને ઘડે છે. ભારતમાં તો શિક્ષણના ક્ષેત્રમાં કોઈપણ પ્રકારને એક સમાનતા પ્રવર્તતી નથી. ચીલાચાલુ વિષયો અને એ જ પ્રકારનું શીખવવાનું વલણ, પરીક્ષાઓ અને રિઝલ્ટ. પરિમામ એ આવ્યું છે કે ડિગ્રીધારકોની ફોજ વધતી જાય છે. વસતીવૃદ્ધિ થાય તેમ પ્રાથમિક ક્ષેત્રની જરૂરિયાતો પૈકી શિક્ષણ પણ વ્યાપક બને એ ઇચ્છનીય ગણાય પરંતુ અહીં તો હજી ગ્રામકક્ષાએ સારી સ્કૂલો નથી, ક્લાસ ઘટે છે, પીવાનું પાણી અને પ્યાસ તો સ્ટાફ પણ અપૂરતો જોવા મળે છે. ધૂળી નિશાળમાં ભણેલા આજે પ્રખ્યાત ઈજનેરો, ડૉક્ટરો, પ્રાધ્યાપકો બનીને ગૌરવથી કામ કરી રહ્યા છે. ધૂળી નિશાળ એટલે વર્ગખંડમાં આસન પાથરીને બેસીને ભણવાનું.

mmtrivedi007@gmail.com

સમય જતાં આપણે શિક્ષણને જૉબ ક્રિએશન પ્રૉસેસ સાથે સંલગ્ન કરવાના પ્લાનિંગને અમલી કરી શક્યા નથી એટલે હવે બનતા ડિગ્રીધારકો જૉબ માટે ફાંફા મારી રહ્યા છે. ભણતર એટલે જૉબ મેળવવાનો રાજમાર્ગ એ સ્થાપિત કર્યું એથી બન્યું છે એવું કે ખાનગી ક્લાસિસવાળા પુષ્કળ કમાયા કરે અને જ્યાં ભણવાનું હોય છે ત્યાં અભ્યાસક્રમ પૂરો થતો નથી. આ માટે બધાની પાસે પોતપોતાની દલિલો રહેલી છે. બાલમંદિર અને કેજીના સ્તરે ખ્યાતનામ શાળાઓ હજી પણ ડોનેશન લઈ રહી છે. ઉપરાંત માતૃભાષા કરતાં ઇંગ્લિશ મીડિયમમાં શિક્ષણ અપાવવાનો ક્રેઝ વધી ગયો છે અને સ્કૂલના નિયમોથી વાલીજગત ત્રસ્ત છે. શિક્ષણ બાળકને મળે કે કેવું મળે તે ખબર નથી પણ માબાપો બધું જ ગૂમાવીને પોતાનાં સંતાનો માટે વર્ષો જતાં ખાલીખમ થઈ જાય છે. માધ્યમિક શાળાના ભણતર બાદ વિદ્યાર્થીને નથી આવડતું ગણિત કે નથી આવડતું વ્યાકરણ કે નથી હોતું જનરલ નૉલેજલક્ષી જ્ઞાન.

શાળામાં ગુણોત્સવો કે વિવિધ ઉત્સવો ઉજવવાથી કંઈ લાભ નતી. વિદ્યાર્થીઓને પૂરું અને સાચું શિક્ષણ પ્રાપ્ત થાય તો જોવાની ખરી જવાબદારી કોની? શિક્ષણને રાષ્ટ્રનું ખરું સંરક્ષણ માનવામાં આવે છે. માહિતીઓ અને આંકડાઓના ભંડારને ગોખી નાખવું ને વ્યક્ત કરી દેવું એ ખરું શિક્ષણ નથી. વિદ્યાર્થીઓનાં મન અને માનસમાં શિક્ષણને ઉતારવાની પ્રક્રિયામાં જેવા શક્તિશાળી અને ઉમદા ગુરુજનો હોવા જોઈએ એવા ગુરુજનોની પણ હવે તંગી છે. બધું જ વેચાણમાં કે ખરીદવામાં ચાલવા લાગે ત્યારે બજારનો માહોલ ઊભો થાય છે. જેમાં હવે શિક્ષણ એક હિસ્સો બની ગયું છે. જેનો અભિગમ અને લાયકાત વિદ્યા પરત્વે હોય તેઓ શિક્ષક બની શકતા નથી એ પણ કડવી હકિકત છે. વર્ષો પહેલાં હાઇસ્કૂલ કક્ષાએ શિક્ષકો જ વધારાના વર્ગો સ્કૂલમાં જ ભણાવતા અને તે પણ કોઈ આર્થિક વળતરની અપેક્ષા વિના... આશ્ચર્ય લાગે છે!

એ પછી મોટા ધોરણોમાં ભણવાની ભીડ, માન્યતા વગરની કૉલેજો અને ઉચ્ચ અભ્યાસ માટે બૅન્કની લોન. એ પછીય એવી નોકરી નથી મળતી કે શાંતિથી જીવી શકાય અને લોન ભરી શકાય. પરિણામે પાયમાલી ને નિરાશા.

સરકારે આ બધા પ્રશ્નોમાં ખૂબ રસ લઈ દરેક નકારાત્મક હકિકત ઉપર ધ્યાન આપીને ઉમદા સુધારા નિશ્ચિત કરવા પડે તેમ છે. ગુજરાતના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક કસોટીઓમાં નિષ્ફળ રહે છે. આ પ્રશ્નના ઉત્તરમાં ઘણી કાર્યવાહી સામેલ થઈ જાય છે. ગૂડ ગવર્નન્સ આ ક્ષેત્રને પણ અવશ્ય લાગુ પડે છે.

કૈંક વાવો અને સીંચો એનો આદર છે, નહીંતર ખેતર જેવું ખેતર પાદર છે!

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

'મારી સ્નેહાળ સખી'

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

સ્ક્રીન-૩
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૪
ઇશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦

સ્ક્રીન-૫
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫